UK Health Security Agency

NHS

# જેઓ ગર્ભવતી થઈ શકે, ગર્ભવતી હોય અથવા તેમના બાળકને સ્તનપાન કરાવતી હોય તે સ્ત્રીઓ માટે માર્ગદર્શન

easy read


કોરોનાવાઈરસની રસી સલામત છે તેની ખાતરી કરવા માટે તેની ઘણી બધી ચકાસણીઓ કરવામાં આવેલી છે.




જો તમે ગર્ભવતી હો, તો તમારું અને તમારા બાળકનું રક્ષણ કરવા માટે તમારે કોરોનાવાઈરસની રસીના બે ડોઝ લેવા જોઈએ. આ રસીથી તમને કે તમારા અજન્મ્યા બાળકને કોરોનાવાઈરસનો ચેપ લાગી શકે નહિ.



કોરોનાવાઈરસ રસી બે જેબમાં આપવામાં આવે છે. જો તમે ગર્ભવતી થતાં પહેલાં તમારી પહેલી રસી લઈ લીધી હોય, તો તમે હવે બીજી રસી લઈ શકો છે, જો તમને પહેલી રસીથી કોઈ ગંભીર આડઅસરો ન થઈ હોય તો.




ગર્ભવતી હોય તેવી સ્ત્રીઓ માટે કોરોનાવાઈરસની Pfizer અને Moderna રસીઓ વધુ ઈચ્છનીય છે. જો તમારી રસીનો પહેલો ડોઝ Astrazeneca લીધો હોય, તો તમે તમારા બીજા ડોઝ માટે આ જ લઈ શકો છો, પરંતુ તે પહેલાં તમારા ડોક્ટર કે નર્સ સાથે લોહીની ગાંઠ થવાના જોખમ વિશે વાતચીત કરી લો.



સ્તનપાન તમારા માટે અને તમારા બાળક માટે ખરેખર ખૂબ જ સારું છે.



જોઈન્ટ કમિટિ ઓન વેક્સિનેશન એન્ડ ઇમ્યુનાઈઝેશન (JCVI) પરના નિષ્ણાતો કહે છે કે સ્તનપાન કરાવતાં હો તે દરમ્યાન તમે રસી લઈ શકો છો.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) પણ સંમત થાય છે કે સ્તનપાન કરાવતી સ્ત્રીઓ રસી લઈ શકે છે.



જો તમારા બાળકનો જન્મ થઈ ગયો હોય, તો તમારે બને તેટલી જલદી રસી લઈ લેવી જોઈએ.



તમે રસી લઈ લીધી હોય તે પછી ગર્ભવતી બનવાનું સલામત છે.



રસીકરણ, સૌથી વધારે અરક્ષિત હોય તેવાં લોકોનું રક્ષણ કરવામાં મદદ કરે છે.

© ક્રાઉન કોપીરાઈટ 2021. પ્રોડક્ટ કોડ: COV2021374V4ERGU Gujarati 1p 5K AUG 2021 (APS). યુ.કે. હેલ્થ સિક્યોરીટી એજન્સી 2021529.

આ પત્રિકાનાં અન્ય સ્વરૂપો બ્રેઈલ, BSL, અનુવાદ કરાયેલ બીજી અનેક ભાષાઓમાં મળી શકે છે. તે મંગાવવા કે ડાઉનલોડ કરવા માટે કૃપા કરીને હેલ્થ પબ્લિકેશન્સની મુલાકાત લો:

www.healthpublications.gov.uk